# ખેડા જીલ્લા પોલીસ સાફલ્યગાથા

# (અઠવાડિક તા.૧૧/૦૧/૨૦૨૧ થી તા.૧૭/૦૧/૨૦૨૧)

# એલ.સી.બી. ખેડા-નડીયાદ

**મહુધા પો.સ્ટે. હદના વાસણા ગામમાંથી ભારતીય બનાવટના પરપ્રાન્તના વિદેશી દારૂના જથ્થા સાથે એક ઇસમને ઝડપી પાડી વિદેશી દારૂનો ગણનાપાત્ર કેસ કરતી એલ.સી.બી. ખેડા-નડીયાદ તા. ૧૩/૦૧/૨૦૨૧**

મે.પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદ નાઓએ આગામી ઉત્તરાયણના તહેવારને અનુલક્ષીને ખેડા જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે સારૂ અસરકારક પેટ્રોલીંગ કરી દેશી/વિદેશી દારૂની પ્રવૃત્તિ નેસ્તનાબુદ કરવા તેમજ દારૂની પ્રવૃતી સાથે સંકળાયેલ ઇસમો ઉપર વૉચ તપાસ રાખી દારૂના કેસો શોધી કાઢવા સુચન કરેલ જે સુચનાની અમલવારીના ભાગરૂપે શ્રી એમ.ડી.પટેલ પોલીસ ઇન્સ્પેક્ટર એલ.સી.બી. ખેડા-નડીયાદ નાઓના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી સ્ટાફના માણસોને સઘન પેટ્રોલીંગ કરી જીલ્લામા વિદેશી દારૂની પ્રવૃત્તિ કરતા ઇસમો તેમજ લીસ્ટેડ બુટલેગરો ઉપર વોચ તપાસ રાખી રેઇડો કરી આવી બદીને ડામી દેવા સુચના કરેલ. જે અનુસંધાને ગત તા. ૧૩/૦૧/૨૦૨૧ ના રોજ એલ.સી.બી.સ્ટાફના પો.સબ.ઇન્સ.શ્રી અજયકુમાર તિવારી, અ.હેડકો ચન્દ્રકાત, અ.હેડકો વિનોદભાઇ ,અ.હે.કો રાકેશકુમાર, અ.હેડકો ધર્મપાલસિંહ, પો.કો કુંદનકુમાર, પો.કો કેતનકુમાર તથા પો.કો રાહુલકુમાર નાઓ પેટ્રોલીગમા હતા. દરમ્યાન અ.હેડકો વિનોદભાઇ તથા અ.હે.કો રાકેશકુમાર નાઓને તથા મહુધા પો.ઇન્સશ્રી વી.કે.ખાંટ નાઓને મળેલ બાતમી આધારે મહુધા પો.સ્ટે.ના પો.ઇન્સ વી.કે.ખાંટ નાઓ સાથે પો.કો જયેશકુમાર તથા પંચો સાથે એલ.સી.બી તથા મહુધા પો.સ્ટે.ની સંયુકત ટીમ બનાવી મહુધા પો.સ્ટે. હદના વાસણા ગામના પટેલ ફળીયામા રહેતા સુમીતકુમાર ગીરીશભાઇ પટેલ નાઓને તેના ઘર પાસે પાર્ક કરેલ તેની સ્વીફટ ગાડી નં.જીજે ૦૭ ડીસી ૧૮૪૨ મા તથા તેના કબજા ભોગવટાના મકાનમાથી વગર પાસ પરમીટે ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની મોટી કુલ બોટલો નંગ ૫૯૪ કિ.રૂ.૨,૨૫,૯૦૦/-નો પ્રોહી મુદામાલ તથા અંગ જડતીમાંથી મળેલ ત્રણ મોબઇલ ફોન કિ.રૂ.૧૦,૫૦૦/ તથા મારૂતી સ્વીફ્ટ ગાડી કિ.રૂ.૪,૦૦,૦૦૦/- મળી કુલ્લે રૂ.૬,૩૬,૪૦૦/- ના મુદામાલ સાથે મળી આવતા પકડી અટક કરી સદર ઇસમ વિરુધ્ધમાં મહુધા પો.સ્ટે. પ્રોહિ. ધારા હેઠળ ગુનો રજી. કરવામાં આવેલ છે અને સદરહું ગુનાની આગળની વધુ તપાસ પો.સબ.ઇન્સ શ્રી અજયકુમાર તિવારી એલ.સી.બી. ખેડા-નડીયાદ નાઓ કરી રહેલ છે.

સદરી આરોપીના રિમાન્ડ દરમ્યાન ઘનિષ્ટ પુછપરછ કરતા આરોપીની કબુલાત આધારે ગત તા. ૧૩/૦૧/૨૦૨૧ ના રોજ તેના મકાનમાથી વગર પાસ પરમીટે ભારતીય બનાવટના વિદેશી દારૂની મોટી કુલ બોટલો નંગ ૨૧૬ કિ.રૂ.૧,૦૨,૦૦૦/-નો પ્રોહી મુદામાલ મળી આવતા સદર મુદ્દામાલ ઉક્ત ગુનાના કામે તપાસ અર્થે કબ્જે કરેલ છે. આગળની વધુ તપાસ જારી છે.



**<u>મહેમદાવાદ પો.સ્ટે. હદ વિસ્તારમાંથી જુગાર રમતા કુલ- ૧૧ જુગારીયાઓને ઝડપી પાડી જુગારનો ગણનાપાત્ર કેસ કરતી એલ.સી.બી. ખેડા-નડીયાદ તા.૧૭/૦૧/૨૦૨</u>**

મે. પોલીસ અધિક્ષકશ્રી ખેડા નડીયાદનાઓએ દારૂ-જુગારની પ્રવુત્તિ નેસ્ત નાબુદ કરવા જીલ્લામાં પ્રોહી/જુગાર પ્રવૃતિ અટકાવવા સારૂ આપેલ સુચના મુજબ આજરોજ તા.૧૭/૦૧/૨૦૨૧ ના રોજ શ્રી એમ.ડી.પટેલ પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી એલ.સી.બી ખેડા-નડીયાદ નાઓ તથા એલ.સી.બી.સ્ટાફના અ.હેડકો ચંન્દ્રકાન્ત, હેડકો.વિનોદકુમાર, આ.હેડકો.અમાનુલ્લાહ, પો.કો.રાહુલકુમાર તથા પો.કો.કુંદનકુમાર નાઓ પેટ્રોલીંગ માં હતા દરમ્યાન પો.કો. કુંદનકુમાર નાઓને મળેલ બાતમી હકીકત આધારે મોજે જાળીયા ગામ બોડી વિસ્તાર ખેતરમાં રહેતા અરવિંદભાઇ ખોડાભાઇ ડાભી નાઓ પોતાના ઘરની આગળ લાઇટના અજવાળામાં જાહેરમા કેટલાક ઇસમોને ભેગા કરી પોતાના અંગત ફાયદા સારૂ પત્તા-પાનાનો પૈસા થી હાર-જીત નો જુગાર રમી રમાડે છે. તેઓ સહીત જુગાર રમતા કુલ-૧૧ ઇસમો (૧) અરવિંદભાઇ ખોડાભાઇ ડાભી રહે. જાળીયા ગામ, બોડી વિસ્તાર, ખેતરમાં તા. મહેમદાવાદ (૨) કીરીટભાઇ પ્રભાતભાઇ ડાભી જાળીયા ગામ, બોડી વિસ્તાર, ખેતરમાં તા. મહેમદાવાદ (૩) રમેશભાઇ ઉર્ફે ગુદો જીવાભાઇ ડાભી જાળીયા ગામ, સમડી ફળીયુ. તા. મહેમદાવાદ (૪) ભગવાનભાઇ શનાભાઇ ડાભી ભરકુંડા, વડ વિસ્તાર તા. કઠલાલ જી. ખેડા (૫) જશવંતભાઇ ઉર્ફે જગદીશભાઇ ડાભી ભરકુંડા, વડ વિસ્તાર તા. કઠલાલ જી. ખેડા (૬) ભરતભાઇ રાવજીભાઇ સોઢા નવાગામ, કોતરમાતા ફળીયુ, તા. નડીયાદ જી. ખેડા (૭) દિલીપભાઇ જશભાઇ સોની રહે. નડીયાદ, પીજ ભાગોળ, કુંભારચાલી, તા. નડીયાદ જી. ખેડા (૮) નજીરભાઇ ઉર્ફે બાવા ઇબ્રાહીમભાઇ વોરા રહે. નડીયાદ, ફૈઝાનપાર્ક, ભોજા તલાવડી રોડ, બિલાલ મસ્જીદ સામે તા. નડીયાદ (૯) ઇમરાન ઉર્ફે કાલુ અસગરભાઇ કુરેશી રહે. શ્રેયસ સીનેમા સામે, લાલવાણી હાર્ડવેર પાસે, તા. નડીયાદ (૧૦) પીયુષ ઉર્ફે પપ્પુ ઓમપ્રકાશ પંડીત રહે. નડીયાદ, દિપક સોસાયટી, એ-૬, માઇ મંદીર પાસે તા. નડીયાદ (૧૧) મીતુલકુમાર ગોવીંદભાઇ પટેલ રહે. જાળીયા, ખોડીયાર માતાના મંદિર સામે, રોડ ઉપર તા.મહેમદાવાદ જી. ખેડા અંગ-જડતી માંથી મળી આવેલ રોકડા રૂ.૧૫,૧૦૦/- તથા દાવ પરથી મળી આવેલ રોકડા રૂ. ૧૭૫૦/- મળી કુલ

રૂપીયા ૧૬૮૫૦/- તથા પત્તા પાના નંગ ૫૨ કિ.રૂ. ૦૦/૦૦ તથા કપડાની ચાદર કિં.રૂ.૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૮ કિ.રૂ.૨૭,૦૦૦/- તથા એક રીક્ષા કિ.રૂ. ૧૫,૦૦૦/- મળી કુલ્લે રૂ. ૫૮,૮૫૦/-ના મુદ્દામાલ સાથે મળી આવતા ઉક્ત પકડાયેલ તમામ ઇસમો વિરૂદ્ધ મહેમદાવાદ પો.સ્ટે. જુગારા ધારા કલમ ૧૨ મુજબ આ.પો.કો કુંદનકુમાર નાઓએ ફરીયાદ આપેલ છે. આગળની વધુ તપાસ જે તે પો.સ્ટે નાઓ કરી રહેલ છે.

